


માણસ એક એવી જણસ છે જે પોતાના સ્વાર્થ ખાતર કાંઈ પણ કરી શકે છે. ગાંધીનગર શહેર વૃક્ષોનું શહેર છે અને ઘણાં લોકો આ માનવમિત્ર તથા સંતરૂપી વૃક્ષોને પોતાની પ્રોડક્ટની જાહેરાતના સ્વાર્થ માટે ખિલ્લા ઠોકતા અચકાતા નથી. ગાંધીનગર નેચર ક્લબ દ્વારા ગત નાતાલના દિવસથી આ ખિલ્લા કાઢવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. જે લગભગ એક વર્ષ સુધી ચાલશે. અત્યાર સુધીમાં ૫૦ કરતા વધુ વૃક્ષો પરથી જાહેરાતના બોર્ડ ટીંગાડવા ઠોકાયેલા ખિલ્લા કઢાયા છે.

# પતંગથી પતંગ કાપો, પક્ષીઓની પાંખો નહી, મળશે પતંગ અનેકવાર, પક્ષીઓની પાંખો નહી

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરમાં શનિવારથી ઉત્તરાયણનો માહોલ જામ્યો છે. અબાલવૃદ્ધ સૌ કોઈ સમય મળતા જ ધાબે ચઢી પતંગ ચગાવવાનો આનંદ લુંટી રહ્યા છે. રજાની મજા માણતા અને મકરસંક્રાંતિના પર્વનો આનંદ લુંટવા ઘેલા થયેલા નગરવાસીઓને ગાંધીનગરના સંસ્કાર ગૃપ દ્વારા એક સંદેશો પાઠવવામાં આવ્યો છે. જેમાં રહીશોને પતંગ ચગાવવાની સાથે સાથે અબોલ પક્ષીઓની સુરક્ષાનું ધ્યાન રાખવા અપીલ કરવામાં આવી છે.

આ સંદેશામાં ઉત્તરાયણ દરમ્યાન ઘાયલ થતા પક્ષીઓ અને ધ્વનિ પ્રદૂષણથી પરેશાન થઈ ઉઠતા મૂંગા પ્રાણીઓ પ્રત્યે અનુકંપા દાખવીને પતંગ ઉડાડવાની મજા માણવા અનુરોધ કરાયો છે. ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણના દિવસે લાઉડસ્પીકર્સ, બ્યુગલ કે મોટા અવાજે સાઉન્ડ સીસ્ટમ વગાડવાથી તેમજ સાંજના સમયે ફટાકડા ફોડી પ્રાણીઓ તથા પક્ષીઓ ખૂબ જ ભયભીત થઈ જાય છે. જેમાં પશુઓ ભડકીને ગમે ત્યાં દોડવા લાગે છે. જેથી અકસ્માત કે કોઈને હડફેટે લેવાના બનાવો બને છે. આજ રીતે ફટાકડાના અવાજથી ઉડતા વ્યાકુળ પક્ષીઓ પણ બેબાકળા બની તરફડી ઉઠે છે. છેવટે પતંગની દોરીમાં ફસાઈ જાય છે. સંસ્કારગૃપે અપીલ કરતા જણાવ્યું છે કે આપણી ખુશીમાં ક્યાંક આ નિર્દોષ પશુપક્ષીઓની જીદંગી ના લુંટાઈ જાય તેનું ધ્યાન રાખશો.

ખાસ કરીને સવારના વહેલા અને સાંજના સમયે પક્ષીઓના માળામાંથી બહાર નિકળવાનો અને પરત આવવાનો સમય હોઈ તે દરમ્યાન પતંગ ઉડાવવાનું ટાળવું જોઈએ. તેમજ આસપાસ ઝાડ પર લટકી રહેલી કે ટીવી એન્ટેના પર લટકી રહેલી દોરી અને ધાબા પર પડી રહેલી નકામી દોરી પક્ષીઓના પગ કે પાંખો કાપે નહી તે માટે તેનો નાશ કરવો હિતાવહ છે. થોડીક સાવધાની અને સંભાળ રાખીને પર્વનો આનંદ ઉઠાવવો એ આપણા સૌની ફરજ છે.




મકરસંક્રાંતિનું પર્વ એ તપ-દાન-પુણ્યનું પર્વ છે. દાન-પુણ્યએ આપણા સમાજના નૈતિક મૂલ્યોના પાયા છે. આ કથનનો મહિમા સાર્થક કરતા સેક્ટર-૩-એ-ન્યુના રહીશોએ ગાય-કૂતરા અને કીડીઓ માટે લાડુ બનાવી ઉત્તરાયણના પર્વમાં ખવડાવાવની પ્રવૃત્તિ હાથ ધરી છે. આ પ્રકારની અનેક પ્રવૃત્તિઓ આ પર્વ દરમ્યાન ગાંધીનગર અને આસપાસની અનેક પ્રવૃત્તિઓ આ પર્વ દરમ્યાન ગાંધીનગર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં પણ થઈ રહી છે જે ધન્યવાદને પાત્ર છે.

# ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની વર્ષ ૨૦૧૪ની પ્રથમ માસિક બેઠક મળી

## વિજ ઓડીટ કરાવવા અને પ્રમાણિક ઉમેદવારોની શોધ કરવા જેવા મુદ્દાથી બેઠકમાં કેજરીવાલ ઈફેકટ જણાઈ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેર જાગ્રત નાગરિક પરિષદની ૨૦૧૪ના વર્ષની પહેલી માસિક મીટીંગ મળી હતી. જેમાં સમગ્ર વર્ષ દરમિયાનના કાર્યક્રમોનું આયોજન ઘડી કાઢવામાં આવ્યું છે. આ બેઠકમાં ગત વર્ષની કાર્યવાહીઓનું મુલ્યાંકન પણ કરવામાં આવ્યું હતું. આ મીટીંગમાં શહેરના ઘણા સમયથી પડતર પ્રશ્નોને ફરી વાચા આપવા નિર્ણય લેવાયો છે. આ પ્રશ્નોમાં સફાઈ, વીજળી દર ઘટાડો અને વીજ ઓડીટ, એસ.ટી. ડેપોના મનઘડત વહીવટ વગેરે મુખ્ય છે. આ ઉપરાંત આગામી લોકસભાની ચૂંટણીઓ માટે પ્રમાણિક અને નિષ્ઠાવાન ઉમેદવારોની ઓળખ કરી યોગ્ય સમયે તેનો યથાર્થ ઉપયોગ કરવો જેવા આશ્ચર્યજનક નિર્ણયો પણ લેવાયા હતા. બેઠકમાં માનવ અધિકાર આયોગની કામગીરીની પ્રશંસા પણ કરવામાં આવી હતી.

# સે. ૧૩માં ઘર આંગણે મુકેલી રીક્ષા ચોરાઈ ગઈ..!

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૩-એ પ્લોટ નં. ૫૪૮/૨માં રહેતા મુકેશભાઈ પરમારે પોતાના ઘરની સામે રીક્ષા પાર્ક કરી હતી. રાત્રી દરમ્યાન કોઈ શખ્સોએ રીક્ષાને નિશાન બનાવીને રૂ. ૧.૫ લાખની રીક્ષાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. સે. ૭ પોલીસે મુકેશભાઈની ફરીયાદને આધારે રીક્ષાની ચોરી અંગે ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે.

# ઘ માર્ગ પર એકટીવાને અડફેટે લઈ કારચાલક ફરાર

## ઘાયલ મહિલાને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દાખલ કરાયા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરના ઘ માર્ગ પર પસાર થઈ રહેલા એકટીવા ચાલક મહિલાને બેફામ ગતિએ નીકળેલી કારે પાછળથી ટકકર મારતા મહિલા ફંગોળાઈને રસ્તા પર પટકાયા હતાં. આ અકસ્માત સર્જીને આરોપી કાર ચાલક કાર સાથે ફરાર થઈ ગયો હતો. ઘાયલ મહિલાને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

શહેરના પહોળા માર્ગો પર ધુમ સ્પીડે બાઈક અને જાણે રેસીંગ ચાલી રહી હોય તે રીતે કાર ચાલકો કાર દોડાવી રહ્યા છે. આવા જ એક કાર ચાલકે આજે ઘ માર્ગ પર એક અકટીવાને અડફેડે લેતા એકટીવ ચાલક મહિલાને ગંભીર ઈજાઓ થવા પામી હતી. એકટીવા સાથે ફંગોળાઈને રસ્તા વચ્ચે પટકાયેલા મહિલાને તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતાં. તો બીજી તરફ અકસ્માત બાદ માનવતા ભુલીને કાર ચાલક કાર સાથે પળવારમાં રફ્ફુચક્કર થઈ ગયો હતો.

# ગાંધીનગર સ્થિત સરઢવવાસીઓની મીટીંગ બપોરે એક વાગે મળશે

ગાંધીનગર, તા.૧૧

સરઢવ ગ્રામ વિકાસ મંડળની સ્થાપના અને રેવાબાઈ જનરલ હોસ્પિટલના ૫૦ વર્ષ પૂર્ણ થાય છે તે નિમિત્તે ગાંધીનગર સ્થિત સરઢવવાસીઓની મીટીંગ બપોરે એક વાગે બ્રહ્માણી કૃપા મેમોરિયલ હોલ, ફાર્મસી કેમ્પસ તા. ૧૨મી જાન્યુઆરીએ એક વાગે મળશે.

# આજે સે-૬/બીમાં સુંદરકાંડ પાઠ

પંચમ સોપાન સુંદરકાંડ પાઠ આજ રોજ રવિવાર, બપોરે ૨-૦૦ કલાકે સે-૬-બી ખાતે સંજયભારતી બાપુની વ્યાસપીઠે કરવામાં આવશે. જેમાં મોટી સંખ્યામાં ભાવિ ભકતોને લાભ લેવા જણાવ્યું છે.

# એરંડાના પોષણક્ષમ ભાવ આપવા કિસાનસંઘની કેન્દ્રમાં રજૂઆત

ગાંધીનગર, તા.૧૧

ભારતીય કિસાન સંઘે કેન્દ્ર સરકાર સામે વિરોધ વ્યકત કરીને એરંડાના પોષણક્ષમ ભાવો ખેડુતોને મળે તે માટે ટેકાના ભાવ આપવાની માંગણી કરવામાં આવી હતી.

ભારતીય કિસાન સંઘના આગેવાને આ અંગેની વિગતો આપતાં જણાવ્યું હતું કે એરંડાના ભાવો પોષણક્ષમ ખેડૂતોને મળવા જોઈએ પરંતુ કેન્દ્ર સરકારની અણઘડ નીતિ અને ખેડુત વિરોધી નિતીના કારણે પૂરતા ભાવ મળતા નથી.

તેમણે જણાવ્યું હતું કે ખેડૂતોને અત્યારે ખરેખર એરંડાના ભાવ રૂ. બે હજાર જેટલા મળવા જોઈએ તેના બદલે ખેડુતોને ૨૦ કીલોના માત્ર રૂ. ૮૦૦ થી ૮૫૦ જ મળે છે. જેના કારણે ખેડૂતોને નુકશાન થાય છે.

આથી ખેડૂતોને એરંડાના પોષણ ક્ષમ ભાવો આપવા માટે કેન્દ્ર સરકાર સમક્ષ રજુઆત કરવામાં આવી છે.

# જીઆઈપીએસ શાળાનો શૈક્ષણિક પ્રવાસ સફળતાપૂર્વક રીતે પૂર્ણ થયો

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાંધેજાની શાળાએ ભણવાની સાથે સાથે શૈક્ષણિક પ્રવાસનું આયોજન ગોવા-મહાબળેશ્વર-મુંબઈ જેવા રાષ્ટ્રીય પર્યટન સ્થળોનું કરવામાં આવ્યું હતું. ઉપરોક્ત શાળાના વિદ્યાર્થીઓએ ખૂબ આનંદ, ઉત્સાહ, સફળતાપૂર્વક તથા શિસ્તબદ્ધ રીતે શિક્ષકોના માર્ગદર્શન હેઠળ પ્રવાસની મોજ માણી હતી. તા. ૩-૧-૨૦૧૪ના રોજ શાળાના આચાર્યશ્રી, ટ્રસ્ટીશ્રી તથા વાઈસ પ્રિન્સીપાલશ્રી તથા શાળા પરિવારે સફળ પ્રવાસની શુભેચ્છા પાઠવી પ્રસ્થાન કરાવ્યું હતું. અને તા. ૧૧-૧-૨૦૧૪નો શૈક્ષણિક પ્રવાસના વિદ્યાર્થીઓ અને શિક્ષકોનું ઉષ્માભર્યુ સ્વાગત કરી પ્રવાસની વિગતો મેળવી હતી. જીઆઈપીએસ શાળાએ આગામી દિવસોમાં વિદેશ પ્રવાસનું પણ આયોજન કરેલ છે.

# ઘાયલ પક્ષીઓ માટે શુશ્રુતા હેલ્પલાઈન શરૂ કરવામાં આવી

ગાંધીનગર, તા.૧૧

સત્સંગ શિક્ષા પરિષદ સંચાલિત શ્રીદ્સ્વામિનારાયણ હાઈસ્કુલ સે-૨૩ ખાતે ઘાયલ પક્ષીઓ માટે શુશ્રુષા બર્ડ હેલ્પલાઈન શરુ કરવામાં આવી.

ઉત્તરકણના દિવસે ઘાતક દોરીથી અનેક અબોલ પક્ષીઓ જીવ ગુમાવે છે. જેથી ઘાયલ પક્ષીઓ માટે તા. ૧૪ અને ૧૫ જાન્યુઆરી દરમિયાન ઘાયલ પક્ષીઓની સારવાર કરવામાં આવશે. સારવાર કેમ્પમાં શાળાના મિત પટેલ અને અન્ય મિત્રો પક્ષીઓની સારવાર કરશે. ઘાતક દોરીથી પક્ષી ઘાયલ થાય તો સ્વામિનારાયણ ગુરૂકુળ સે-૨૩, ઘ-૫ પાસે મો. ૯૦૧૬૭૦૮૧૬૧, ૮૭૩૨૯૧૮૪૩૪ પર ફોન કરી પક્ષીને બચાવી શકાશે.

# ભાજપ યુવા મોરચા દ્વારા ગુજરાતભરમાં ૬૭૮ સ્થાનો પર 'વિવેકાનંદ વંદન'નો કાર્યક્રમ યોજાશે

ભારતીય જનતા યુવા મોરચાના મહામંત્રી શ્રી હિતેશભાઈ પટેલે જણાવ્યું હતું કે આગામી તા. ૧૧ અને ૧૨ જાન્યુઆરી દરમિયાન શ્રી સ્વામી વિવેકાનંદજીની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે ગુજરાતભરમાં ૬૭૮ સ્થાનો પર 'વિવેકાનંદ વંદન' કાર્યક્રમ યુવા મોરચા દ્વારા યોજાશે. આ કાર્યક્રમ અંતર્ગત દરેક જિલ્લાના મુખ્ય મથક ઉપરાંત મહત્વના સ્થાનો પર સ્વામી વિવેકાનંદજીનું પૂજન કરી તેમના જીવન કવનથી યુવાનોને માર્ગદર્શિત કરાશે. આ જન્મજયંતિ પ્રસંગે ૮ સ્થાનો પર વ્યાખ્યાનમાળા, ૬ સ્થાનો પર માનવ સાંકળનો કાર્યક્રમ હાથ ધરાશે. તા. ૧૧ જાન્યુઆરીએ ૫૫ કોલેજ અને ૧૨મી જાન્યુઆરીએ ૬૦૯ સ્થળોએ એમ કુલ સમગ્ર રાજયમાં ૬૭૮ સ્થાનો પર 'વિવેકાનંદ વંદન'નો કાર્યક્રમ યોજાશે.

## સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત વાડોકાઈ કરાટે-ડૉ અકેડમીનાં સહયોગથી ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા

# કલોલ ખાતે ૧૮૦ વિદ્યાર્થિનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ અપાયું

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા વાડોકાઈ કરાટે-ડૉ અકેડમી, ગુજરાતનાં સહયોગથી કલોલ સ્થિત સેન્ટ એન્ના ઈંગ્લિશ મિડીયમ સ્કૂલ ખાતે મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજાઈ હતી. સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત યોજાયેલી આ શિબિરમાં વાડોકાઈ કરાટેનાં બ્લેક બેલ્ટ નિષ્ણાત પ્રશિક્ષણ સેનસાઈ શ્રી કલ્પેશ ચાવડા તથા તેમની ટીમ દ્વારા ૧૮૦ વિદ્યાર્થિનીઓને પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

૨૬મી ડિસેમ્બરથી ૯મી જાન્યુઆરી-૨૦૧૩ દરમ્યાન યોજાયેલી આ શિબિરમાં વિદ્યાર્થિનીઓને હાથ અને પગનો ઉપયોગ કરી કેવી રીતે સામેવાળા ઉપર પ્રહાર કરી શકાય તથા આપણા ઉપર કોઈ પ્રહાર કરે તો કેવી રીતે બચાવ કરી શકાય તેનું ક્રિયાત્મક પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. પંચ, બ્લોક, કીક વગેરેની સાથે કોઈ આગળથી કે પાછળથી પકડી લે તો કેવી રીતે છૂટવું વગેરે ટેકનિક્સનો સઘન અભ્યાસ કરાવવામાં આવ્યો હતો.

શિબિરનો સમાપન સમારોહ ૯મી જાન્યુઆરીનાં રોજ સવારે ૯.૧૫ કલાકે શાળા પટાંગણમાં યોજવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય અતિથિ તરીકે સબ ડિવીઝનલ પોલીસ ઓફિસર શ્રી કે.એસ, સવાણી તથા અતિથિ વિશેષ તરીકે વાડોકાઈ કરાટે-ડૉ અકેડમી, ગુજરાતનાં ટેક્નિકલ ડાયરેક્ટર ઓ'સેનસાઈ શ્રી અરવિંદભાઈ રાણા ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. ઉપસ્થિત મહાનુભાવો, શાળાનાં આચાર્યા સિસ્ટર સીસી સ્કારીયા, શિક્ષકવૃંદ તથા શાળાનાં તમામ વિદ્યાર્થીઓ સમક્ષ સ્વબચાવનું પ્રશિક્ષણ મેળવેલ વિદ્યાર્થિનીઓએ અલગ અલગ ગૃપમાં અલગ અલગ ટેકનિક્સનું રોમાંચક નિદર્શન કર્યું હતું.

નિદર્શન બાદ મુખ્ય અતિથિ શ્રી કે.એસ. સવાણીએ પોતાનાં પ્રાસંગિક ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે હવે જમાનો બદલાઈ ગયો છે. મહિલાઓ પણ રાષ્ટ્રનિર્માણમાં પોતાનું મહત્વનું યોગદાન આપી રહી છે ત્યારે તેમની વિશેષ સુરક્ષાની જવાબદારી સરકારની બને છે. મહિલાઓની છેડતી કરતા ટપોરીઓ સામે રક્ષણ કરવું બહુ અઘરૂ નથી. આ પ્રકારની શિબિરોમાં શીખ્યા પછી જો યુવતીઓ તેનો અભ્યાસ ચાલુ રાખે તો ધીમે ધીમે સ્વબચાવ કરવામાં સમર્થ બની જાય. તેમણે યુવતિઓને શિબિર બાદ ઘરે નિયમિત અભ્યાસ કરતા રહેવા પ્રેરણા આપી હતી.




કરાટે અકેડમીનાં ટેકનિકલ ડાયરેક્ટર ઓ'સેનસાઈ શ્રી અરવિંદભાઈ રાણાએ પોતાનાં ઉદ્બોધનમાં સરકારની આ પહેલની પ્રસંશા કરતાં કહ્યું હતું કે પોલીસની કામગીરી તો દુર્ઘટના બન્યા પછી શરૂ થાય છે. પરંતુ હવે તો પોલીસ તંત્ર દ્વારા મહિલાઓની છેડતી કરનાર વ્યક્તિનો સામનો કરી શકે તેવી વિદ્યા મહિલાઓને શીખવાડવાનું શરૂ કરાયું છે. જો મહિલા સ્વબચાવ કરતા શીખી જાય તો પોલીસની કામગીરીમાં પણ ઘટાડો થાય. તેમણે વધુમાં જણાવ્યું હતું કે દરેક વ્યક્તિએ શક્તિશાળી બનવાનો પ્રયત્ન કરવો જોઈએ. આ દુનિયામાં જે શક્તિશાળી છે તે જ સુખથી રહી શકે છે. તેમણે શક્તિનો મહિમા વર્ણવી શારીરિક, માનસિક અને બૌદ્ધિક શક્તિ વિકસિત કરવા પ્રેરણા આપી હતી. કરાટે જેવી સ્વબચાવની કળા શીખવાથી થતા લાભ ઉપર પણ તેમણે પ્રકાશ પાડ્યો હતો. કાર્યક્રમના અંતમાં મંચસ્થ મહાનુભાવના હસ્તે ભાગ લેનાર વિદ્યાર્થિનીઓને પ્રમાણ પત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૬
સૂર્યાસ્ત : ૫.૫૮

## તાપમાન

મહત્તમ : ૨૩.૦ ડિ.સે.
લઘુત્તમ : ૦૯.૭ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૯ ટકા ● સાંજે ૫૩ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
દેઢ ઈશ્કિયા : ૧૨.૦૦, ૬.૦૦
ટાઈમપાસ (મરાઠી) : ૩.૦૦
શોલે -૩ડી : ૯.૦૦

: સ્ક્રીન-૨ :
દેશ ઈશ્કિયા : ૧૦.૧૫, ૪.૧૫,૧૦.૧૫
યારીયા : ૭.૧૫

: સ્ક્રીન-૩ :
ધૂમ-૩ : ૯.૦૦, ૩.૧૫, ૯.૪૫
યારીયા: ૧૨.૧૫, ૬.૪૫

: સ્ક્રીન-૪ :
યારીયા : ૯.૧૫, ૩.૩૦, ૪.૧૦.૦૦
જિલ્લા (તમિલ) : ૧૨.૦૦ ● વિરામ(તમિલ) : ૬.૩૦

### સીટી પ્લસ

: સ્ક્રીન-૧ :
દેઢ ઈશ્કિયા : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૪૫

: સ્ક્રીન-૨ :
યારીયા : ૩.૧૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
વન ટાયરેકશન (અંગ્રેજી) ૩ડી : ૧૨.૪૫, ૬.૪૫
શોલે-૩ડી : ૩.૦૦, ૯.૦૦

: સ્ક્રીન-૪ :
યારીયા : ૧૦.૦૦ ● ધૂમ-૩ : ૧૨.૪૫, ૬.૪૫
વીરમ (તમિલ) : ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :
દેઢ ઈશ્કિયા : ૧૦.૦૦
યારીયા : ૧૨.૪૫, ૬.૪૫ ● ધૂમ-૩ : ૩.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૬ :
યારીયા : ૧૨.૪૫ ● મિ. જોબી કરવાલો : ૪.૦૦
ધૂમ-૩ : ૬.૪૫ ● દેઢ ઈશ્કિયા : ૯.૪૫

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
દેઢ ઈશ્કિયા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
યારીયા : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
ધૂમ-૩ :૧૧.૩૦, ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

ધૂમ-૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
યારીયા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૦૦, ૯.૩૦

: સ્ક્રીન-૨ :
દેઢ ઈશ્કીયા : ૧૦.૧૫, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
ધૂમ-૩ : ૧૧.૦૦, ૫.૦૦, ૧૦.૦૦
દેઢ ઈશ્કીયા : ૨.૦૦ ૧૦.૦૦ ● યારીયા : ૭.૩૦

### ચિરાગ સિનેમા(કલોલ)

ધૂમ-૩ :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ચરાગ સિનેમા(કલોલ)

ધૂમ-૩ :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : આર્થિક ઉન્નતિ થશે. નોકરીમાં સ્થાનાંતરણનો યોગ બનશે. મુશ્કેલીઓ દૂર થશે. લાભદાયક સમાચાર મળશે.

**વૃષભ** : ધાર્મિક આયોજનોમાં ભાગ લેશો. ભૌતિક સુખ પ્રાપ્તિ થશે. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે. વ્યાપાર સારો ચાલશે.

**મિથુન** : કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ થશે. નોકરીમાં અધીનોનો સહયોગ મળશે. ધર્મમાં આસ્થા વધશે. જોખમી કાર્યોમાં સાવચેતી રાખવી.

**કર્ક** : ભાગ્ય કરતાં કર્મ પર વધુ વિશ્વાસ કરી કાર્ય કરો. રાજયપક્ષનાં કાર્યોમાં સફળતા મળવાની સંભાવના છે. શુભ કાર્યમાં સામેલ થવાથી યશ અને સન્માન પ્રાપ્ત મળી શકશે.

**સિંહ** : જ્ઞાન વૃદ્ધિ થવાનો યોગ બનશે. વિદ્યાર્થીઓને સ્પર્ધાઓમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. ઘણા દિવસથી અટવાયેલા રૂપિયા આપને આજે મળી શકે છે.

**કન્યા** : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તનનો યોગ. ભાગ્યવર્ધક યાત્રાઓ સંભવિત. કુટુંબીજનો અને મિત્રોના સહયોગથી સમસ્યાનું સમાધાન સંભવ છે.

**તુલા** : નવા કાર્યમાં ભાગ દોડ થશે. ધર્મ, આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રા પ્રવાસ થશે.

**વૃશ્ચિક** : સંતાનની પ્રગતિના સમાચારથી મન પ્રસન્ન રહેશે. મંગળ કાર્યોમાં ખર્ચ થવાની સંભાવના રહેલી છે. ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારથી લાભ થશે.

**ધન** : નોકરી- ધંધામાં મુશ્કેલીઓમાં વધારો થઈ શકે છે. પોતાના ક્રોધ પર કાબુ રાખવો. તમે આધ્યાત્મ તરફ પ્રેરાશો.

**મકર** : રાજકીય કાર્યોથી દુર રહેવું. આકસ્મિક ખર્ચ થઈ શકે છે. શુભ ફળ પ્રાપ્ત થવાની સંભાવના છે. વિરોધાભાસ અને વિવાદને કારણે પરિણામ ત્વરીત પ્રાપ્ત ન પણ મળી શકે.

**કુંભ** : લક્ષ્યને ધ્યાનમાં રાખીને પ્રયત્ન કરશો તો સફળતા જરૂરથી પ્રાપ્ત થશે. સ્થાયી સંપત્તિ મળવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : વેપારમાં વૃદ્ધિ થશે. મંગળ કાર્યો પર ખર્ચ થશે. સ્ફૂર્તિ અને જોશમાં વધારો જણાય. ધાર્મિક બાબતે રુચિ વધશે.

## ચિરવિદાય

● સ્વ. નિકીતાબેન દેવેન્દ્રસિંહ વાઘેલા(ઉ.વ. ૨૨) મુ.પો. લેકાવાડા, તા., જિ. ગાંધીનગર.